**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૩૧/૧૨/૨૦૧૪ બુધવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>નશાબંધીધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૧૫૯/૧૪</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૯ કેસ કરી ૩૯ વ્યક્તિઓને ઝડપી ૧૯૯ લીટર દેશી દારૂ, ૧૦૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૮ બિયર ટીન, ૦૧ મોટર સાયકલ, ૦૧ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી.

**<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૧૬૦/૧૪</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓ અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>ખુનની ફરીયાદ :-</u>** **<u>સમાચાર યાદી નં. ૩૧૬૧/૧૪</u>**

**આનંદનગર :** વિજયભાઇ ભરતભાઇ પરમાર (રહે.ગોપાલ આવાસ, ઔડાના મકાન, જોધપુરગામ સેટેલાઇટ) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૧૨/૧૪ નાં કલાક ૦૦/૩૦ વાગ્યાના સુમારે ગોપાલ આવાસ ઔડાના મકાન નં.૨૨ આગળ ખુલ્લી જગ્યામાં આરોપી (૧) ટીનો રબારી (રહે.ગુપ્તાનગર ખાડામાં, વાસણા) (૨) રાજુ રબારી (રહે.નર્મદા આવાસ, ઔડાના મકાન, થલતેજ) (૩) કાળુ રબારી (રહે.રામદેવનગર સેટેલાઇટ) (૪) મહેશ ઉર્ફે બટકો (રહે.શીલજ) (૫) બાબુ ઉર્ફે ભુરીયો (રહે.નર્મદા આવાસ ઔડાના મકાન, થલતેજ) + ૧૦ જેટલા માણસો(જેઓનાં નામ-ઠામની ખબર નથી) ભેગામળી અગાઉ થયેલ ઝઘડાની અદાવત રાખી, વિજયભાઇને જાનથી મારી નાંખવા કાવત્રુ રચી, લાકડી, પાઇપ, તલવાર, ધારીયુ, છરો જેવા તિક્ષ્ણ હથીયારોથી વિજયભાઇ અને તેમની માતાને શરીરે ગંભીર ઇજાઓ પહોંચાડી હતી, તેમજ વિજયભાઇનાં પિતા ભરતસિંહ વિરસિંહ પરમાર (ઉ.વ.૬૫) ઉપર હથીયારોથી હુમલો કરી શરીરે ગંભીર ઇજાઓ પહોંચાડતા તેમને સારવાર અર્થે સાલ હોસ્પીટલ ખાતે લઇ ગયેલ જ્યાં ડોક્ટર શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.વી.જાડેજા ચલાવે છે.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૧૬૨/૧૪</u>**

**નરોડા :** નરેશભાઇ શ્યામલાલ સાધવાણી (રહે.કૃષ્ણનગર, ગુ.હા.બોર્ડ નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોધાવી છે કે તા.૨૮/૧૨/૧૪ નાં કલાક ૧૨/૧૫ થી તા.૩૦/૧૨/૧૪ સવારનાં ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીનાં દાગીના કિંમત રૂપિયા ૨,૯૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૫,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭,૯૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.પી.પીરોજીયા ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૩૧૬૩/૧૪**

**વટવા :** પ્રયત્નભાઇ રાજુભાઇ નીમા (રહે.બ્રહ્મલોક સોસાયટી, મીરા ચાર રસ્તા, બળીયાકાકા રોડ, મણીનગર) એ તા.૩૦/૧૨/૧૪ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોધાવી છે કે તા.૮/૧૨/૧૪ સવારનાં ૪/૦૦ થી ૬/૦૦ વાગ્યા દરમ્યાન ન્યુ કર્ણાવતી ટ્રાન્સપોર્ટ પાસે પાર્ક કરેલ ટ્રકની તાડપત્રી કાપી અજાણી વ્યક્તિ ટ્રકમાંથી કાપડની ગાંસડી નંગ-૧૩ કિંમત રૂપિયા ૧,૭૬,૮૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એસ.પટેલ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૩૧૬૪/૧૪**

**સરદારનગર :** મનીષાબહેન રામપ્રસાદ જોષી (રહે.પટેલ કો.ઓ.સોસાયટી બહાર, સમરથનગર સામે ફુટપાથ ઉપર હાંસોલ કુબેરનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧૨/૧૪ સવારના ૬/૩૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીકથી પોતાના પિતા રામપ્રસાદ (ઉ.વ.૪૫) રોડ ક્રોસ કરતાં હતા ત્યારે અજાણ્યા ટ્રકના ચાલકે ટ્રક બેદરકારીથી અને પુરઝડપે ચલાવી રામપ્રસાદને ટક્કર મારતાં તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રભાઇ ભગવાનભાઇ ચલાવે છે.

**એલીસબ્રીજ :** ભરતભાઇ ચીમનભાઇ ઠક્કર (ઉ.વ.૪૭)(રહે.ગોદાવરી એપાર્ટમેન્ટ, વાસણા) તા.૩૦/૧૨/૧૪ સાંજનાં ૭/૧૦ વાગ્યાના સુમારે પાલડી ભઠ્ઠા ચાર રસ્તા નજીકથી ઇલેક્ટ્રોનીક મોટર સાયકલ ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે એસ.ટી.બસ નંબર જીજે.૧૮.વાય.૯૫૮૬ ના ચાલકે બસ બેદરકારીથી અને પુરઝડપે ચલાવી ભરતભાઇનાં મોટર સાયકલને ટક્કર મારતાં ભરતભાઇને ગંભીર ઇજાઓ થતાં તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર ભરતભાઇનાં ભાઇ જશવંતભાઇ ઠક્કરે એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.ડી.વસાવા ચલાવે છે.

**વટવા :** હરીશભાઇ નરોત્તમભાઇ મિસ્ત્રી (રહે.શીખર એપાર્ટમેન્ટ, જજીસ બંગ્લોઝ, બોડકદેવ) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૧૨/૧૪ નાં કલાક ૦૦/૨૭ વાગ્યા પહેલા કોઇપણ સમયે હરીશભાઇનાં કાકાનાં પુત્ર સંદિપભાઇ દિનેશભાઇ મિસ્ત્રી (ઉ.વ.૩૮)(રહે.કર્ણાવતી ફ્લેટ, વિ-૨, ભમ્મરીયા કુવા પાસે, નારોલ, વટવા) અસલાલીથી નારોલ સર્કલ તરફ જતાં રોડ ઉપર સ્વામીનારાયણ પાર્ક સામેથી મારૂતી ફ્રન્ટી કાર ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે આઇ.આઇ.બી. નું રોલર નંબર આર.એલ.આર.એ.- ૧૫ ના ચાલકે રોલર બેદરકારીથી ચલાવી સંદિપભાઇની કારને અથડાવતાં, સંદિપભાઇને ગંભીર ઇજાઓ થતાં તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ. શ્રી કે.એસ.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં. ૩૧૬૫/૧૪**

**ચાંદખેડા :** મુકેશભાઇ હિરાલાલ રાજપુત (ઉ.વ.૪૧)(રહે.ભગવતી સોસાયટી, પ્રગતિ સ્કુલ પાછળ, ચાંદખેડા) એ કોઇ કારણસર તા.૩૦/૧૨/૧૪ સવારના ૮/૪૫ થી બપોરનાં ૩/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે છતનાંન હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ ચાંદખેડા પોલીસ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.